પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૩ | ૪ મે, ૨૦૧૯, શનિવાર; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# 'ફાની' વાવાઝોડાનો કહેર : ઓડીશામાં તબાહી

**૩નાં મોત, ઘણા વિસ્તારો જળબંબાકાર : ઓરિસ્સામાં ત્રાટકેલા ફેની તોફાનથી ભારે નુકસાન થયું : ૨૪૫ કિમીની ઝડપથી પવન સાથે અતિ ભારે વરસાદથી અનેક વૃક્ષો, મકાનો, ઝુંપડા ધરાશાયી : ૧૨ લાખને સુરક્ષિત ખસેડાયા : જનજીવન સંપૂર્ણ ખોરવાયું**

પુરી-ભુવનેશ્વર, તા. ૩

બંગાળના અખાતમાં સર્જાયેલા અને મોડેથી વિકરાળ બની ઓરિસ્સામાં ત્રાટકેલા ચક્રવાતી ફેનીથી ઓરિસ્સામાં ભારે નુકસાન થયું છે. આજે સવારે ઓરિસ્સાના દરિયાકાંઠે ફેની ચક્રવાતી તોફાન ત્રાટક્યા બાદ અતિ ભારે વરસાદ શરૂ થઈ ગયો હતો. પ્રચંડ ગતિ સાથે પવન ફુંકાયો હતો. ભયંકર તોફાનના કારણે તેના પ્રભાવવાળા વિસ્તારોમાં અનેક જગ્યા ઉપર વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. ઝુંપડાઓ ઉડી ગયા હતા. ધાર્મિક સ્થળ પુરીના વિસ્તારમાં અનેક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ જોવા મળી





હતી. તોફાન બાદ હજુ સુધી ઓરિસ્સામાં ત્રણના મોત થયા છે. ૧૨ લાખ લોકોને અન્યત્ર ખસેડવામાં આવી ચુક્યા છે. નુકસાનની ખાતરી કરવામાં આવી રહી છે. હવે ફેની તોફાન નબળુ પડી રહ્યું છે અને બંગાળ તરફ આગળ વધી રહ્યું છે. શ્રેણીબદ્ધ કાર્યક્રમો સંપૂર્ણપણે રદ કરવામાં આવી ચુક્યા છે. ટ્રેન અને વિમાની સેવા બંધ કરવામાં આવી છે. અતિ પ્રચંડ ચક્રાવાતી તોફાન ફેની આજે સવારે આઠ વાગે ઓરિસ્સામાં ત્રાટક્યું હતું. આની અસર હેઠળ શરૂઆતમાં ૧૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયા બાદ તેની ગતિ વધી હતી અને ૨૪૫ પ્રતિ કલાક કિલોમીટર થઈ હતી. ચક્રવાતને પહોંચવાની પ્રક્રિયાને પૂર્ણ થવામાં ત્રણ કલાકનો સમય લાગ્યો હતો. ચક્રવાત માટે બનનવામાં આવેલા ૮૮૦ કેન્દ્રોમાં પણ લોકોને પણ ખસેડવામાં આવ્યા છે. ૧૨ લાખ લોકોને શિફ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી પાંચ હજાર સેન્ટરોમાં આ લોકોને રાખવામાં આવ્યા છે. પાટનગર ભુવનેશ્વરમાં પણ ૧૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. ભુવનેશ્વરમાં અનેક જગ્યાઓએ વૃક્ષો તૂટી પડ્યા હતા.અગાઉ ફેની તોફાન ઓરિસ્સાના દરિયાકાઠાના

અનુસંધાન પાના - ૭ પર

## ઓરિસ્સા, બંગાળ અને આંધ્રમાં ખતરો અકબંધ

ભુવનેશ્વર, તા. ૩

ચક્રવાતી ફેની તોફાન ત્રાટક્યા બાદ તેની અસર હેઠળ ઓરિસ્સામાં ભારે નુકસાન થઈ ચુક્યું છે. હવામાન વિભાગ અને ગૃહ મંત્રાલયનું કહેવું છે કે ખતરો હજુ ટળ્યો નથી. આંધ્રપ્રદેશ, બંગાળ, ઉત્તર પૂર્વ અને ઓરિસ્સામાં હજુ પણ અતિ ભારે વરસાદ પડી શકે છે. વાવાઝોડુ નબળું પડ્યું છે પરંતુ હજુ ભારે વરસાદ થશે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા જાહેરાત કરાઈ છે કે ચક્રાવાતી ફેનીના પરિણામ સ્વરૂપે એમ્સ પીજી ૨૦૧૯ માટે કેન્દ્ર તરીકે ભુવનેશ્વરને રદ કરવાનો નિર્ણય કરાયો છે. બીજુ પટનાયક વિમાની મથકને પણ ભારે નુકસાન થયું છે. નેપાળની હવામાનની સ્થિતિમાં પણ ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આગામી દિવસોમાં તેની અસર ઓછી થવાના સંકેત મળી રહ્યા છે.

## કાશ્મીર ખીણમાં બુરહાન વાની ગેંગનો ખાત્મો

**બુરહાન વાની ગેંગના અંતિમ ત્રણ આતંકવાદીઓ પણ ઠાર : ત્રાસવાદીઓના પોસ્ટર બોય બુરહાન વાનીના બ્રિગેડ કમાન્ડર લતીફ અહેમદ દાર ઉર્ફે લતીફ ટાઈગરનો કરાયેલો ખાત્મો : મોતનો મસાલો કબજે કરાયો**

શ્રીનગર, તા. ૩

જમ્મુ-કાશ્મીરમાં સોપિયનમાં શુક્રવારના દિવસે સુરક્ષા દળોને અભૂતપૂર્વ સફળતા હાથ લાગી હતી. સેના, સીઆરપીએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસે સંયુક્ત ઓપરેશન પાર પાડીને આતંકવાદીઓના પોસ્ટર બોય બુરહાન વાનીના બ્રિગેડ કમાન્ડર લતીફ અહેમદ દાર ઉર્ફે લતીફ ટાઈગરને ઠાર કરી દીધો હતો. લતીફની સાથે આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદીનના બે અન્ય આતંકવાદી પણ ઠાર થયા છે. લતીફના મોત સાથે જ ખીણમાં બુરહાન ગેંગનો ખાત્મો થઈ ગયો છે. લતીફના મોત સાથે જ રક્તપાતનો પણ ખીણમાં અંત આવ્યો છે. ઈમામ સાહીબ ગામમાં આજે સવારે સુરક્ષા દળોને ગુપ્ત સૂચના મળી હતી. ત્યારબાદ બાતમીના આધાર ઉપર ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ગાળા દરમિયાન છુપાયેલા હિઝબુલના આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. બંને તરફથી જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબારની રમઝટમાં હિઝબુલના ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ હિઝબુલના કમાન્ડર લતીફ અહેમદ દાર ઉર્ફે લતીફ

અનુસંધાન પાના - ૭ પર

## ન્યુઝ ટ્રેક

### ભારતીય અર્થવ્યવસ્થાની ગતિ થોડી સુસ્ત થઈ છે : નાણા મંત્રાલય

ફાઈનાન્સ મિનિસ્ટ્રીએ કહ્યું છે કે ૨૦૧૮-૧૯માં દેશની અર્થવ્યવસ્થાની ગતી થોડી ધીમી થતી દેખાઈ છે, પરંતુ આવનારા વર્ષોમાં ઈકોનોમિક ગ્રોથ તેજ થવાનુ અનુમાન છે. આ મંદી પાછળ પ્રાઈવેટ કન્ઝપ્શનની ગ્રોથ ઘટના, ફિક્સ્ડ ઈન્વેસ્ટમેન્ટમાં સામાન્ય વૃદ્ધિ અને એક્સપોર્ટની ગતી ધીમી રહેવા જેવા પ્રમુખ કારણો છે.

### શ્રીલંકામાં ભારતીય ફોટો જર્નાલિસ્ટની ધરપકડ

શ્રીલંકામાં થયેલા સિરીયલ બોમ્બ વિસ્ફોટ પછી ત્યાંની પોલીસે ભારતમાં રહેતા એક ફોટો જર્નાલિસ્ટની ધરપકડ કરી છે. ફોટો જર્નાલિસ્ટનું નામ સિદિકી અહેમદ દાનિશ છે અને તેના પર શાળામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવાનો આરોપ છે. દાનિશ બોમ્બ વિસ્ફોટ પછી કવરેજ માટે શ્રીલંકા ગયો હતો. તે એક ન્યૂઝ એજન્સી માટે કામ કરે છે અને દિલ્હીમાં રહે છે.

### સુરક્ષા દળો-આતંકીઓ વચ્ચે અથડામણમાં ત્રણ આતંકી ઠાર

દક્ષિણ કાશ્મીરમાં શોપિયા જિલ્લાના ઈમામ સાહેબ ગામમાં થયેલી સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચેની અથડામણમાં ત્રણ આતંકીઓ ઠાર મરાયા છે. તમામ આતંકી ત્રણ માળની એક બિલ્ડિંગમાં છુપાયા હતા. જ્યાંથી તેઓ સતત સુરક્ષા દળો પર ફાયરિંગ કરી રહ્યા હતા.

## જૈશ લીડર મસૂદ અઝહરની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ

**પ્રવાસ કરવા પર પણ પ્રતિબંધ : પાકિસ્તાન દ્વારા જારી કરાયેલા આદેશની અસર રહેશે કે કેમ તેને જાણવા નજર રખાશે : હથિયાર વેચી શકશે નહીં**

ઈસ્લામાબાદ, તા. ૩

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વૈશ્વિક આતંકવાદ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ જૈશે મોહંમદના લીડર અને કુખ્યાત આતંકવાદી મસૂદ અઝહર પર પ્રવાસ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. સાથે સાથે પાકિસ્તાને તેની સંપત્તિ જપ્ત કરવા માટેનો પણ આદેશ જારી કરી દીધો છે. પાકિસ્તાન દ્વારા સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યા બાદ તેની અસર કેટલી રહે છે તેના ઉપર આગામી દિવસોમાં નજર રહેશે. મસૂદ અઝહર પર કાર્યવાહી પાકિસ્તાને ફરી એકવાર વિશ્વને ગેરમાર્ગે દોરવા માટે કરી છે કે કેમ તેને લઈને પણ ટુંક સમયમાં જ માહિતી સપાટી ઉપર આવી શકશે. પાકિસ્તાન સ્થિત મસૂદ અઝહર ઉપર હવે હથિયારો અને દારૂગોળાની ખરીદી અથવા તો વેચાણને લઈને પણ પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ઈસ્લામિક સ્ટેટ અને અલકાયદા અંગેની સંયુક્ત રાષ્ટ્રની પ્રતિબંધિત સંદર્ભની સમિતિએ બુધવારના દિવસે જૈશે મોહંમદના લીડર મસૂદ અઝહરને વૈશ્વક આતંકવાદી જાહેર કર્યો હતો. અલકાયદા સાથે તેના સંબંધો પણ રહેલા છે. જૈશે મોહંમદ દ્વારા પુલવામા હુમલાની જવાબદાર સ્વીકારવામાં આવી હતી. ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવેલા આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા.

## રાહુલે અમેઠીની પ્રજાને ભાવુક પત્ર લખ્યો

અમેઠી, તા. ૩

લોકસભા ચુંટણીમાં પાંચમાં તબક્કામાં છઠ્ઠી મેના દિવસે મતદાન યોજાનાર છે તે પહેલા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પત્ર લખીને અમેઠીને પોતાના પરિવાર તરીકે ગણાવીને ભાજપ પર પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે અમેઠી સાથે તેમનો ભાવનાત્મક સંબંધ રહેલો છે. પરિવારના સભ્યો વચ્ચે જે રીતે સંબંધ હોય છે તેવો સંબંધ રહેલો છે. રાહુલે આક્ષેપ કરતા કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી ખોટા વચનો અને પૈસાની તાકાતથી ચુંટણી જીતવા માટે ઈચ્છુક છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અમેઠી તેમના પરિવાર તરીકે છે. અમેઠી પરિવાર તેમને મત આપે છે.

## ગઢચિરોલી નકસલી હુમલામાં ૩૦ કિલોગ્રામ વિસ્ફોટકનો ઉપયોગ કરાયો

**વિસ્ફોટકો અને જિલેટીન છડીનો ઉપયોગ થયો : પુલની નીચે જ વિસ્ફોટકોનો જથ્થો મુકાયો હતો : વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે જવાનના શરીર ૬૦ ફૂટ સુધી મળ્યા**



મુંબઈ, તા. ૩

ગઢચિરોલીમાં નકસલી હુમલા બાદ ઉંડી તપાસ ચાલી રહી છે. સંવેદનશીલ વિસ્તારોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. અનેક શકમંદોને સકંજામાં લેવામાં આવી ચુક્યા છે. જેઆઈઈડીની મદદથી બુધવારના દિવસે ગઢચિરોલીમાં સુરક્ષા દળો પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમાં ૩૦ કિલો ઔદ્યોગિક શ્રેણીનો વિસ્ફોટક અને જિલેટીન છડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે ગઢચિરોલીમાં સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવવા માટે ૩૦ કિલો વિસ્ફોટકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વિસ્ફોટક સામગ્રી એક પુલની નીચે મુકવામાં આવી હતી. આ હુમલાના સકંજામાં ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યુઆરટી)ના વાહનો આવી ગયા હતા. જેમાં ૧૫ જવાનો શહીદ થયા હતા. પોલીસનું કહેવું છે કે પુલની નીચે મુકવામાં આવેલા વિસ્ફોટકના તાર જોડવામાં આવ્યા હતા. ટ્રીગર મારફતે તેના તાર જોડવામાં આવ્યા હતા. વાહન પસાર થતાની સાથે જ તેના ઉપર પ્રેસરથી બ્લાસ્ટ થયો હતો. એક પોલીસ અધિકારીએ કહ્યું છે કે વિસ્ફોટથી આશરે ૩૦ મિનિટ પહેલા જ એક ગાળી પણ ત્યાથી નીકળી હતી. આનો મતલબ એ થયો કે માઓવાદીઓએ પહેલાથી જ નક્કી કરીને રાખ્યું હતુ કે હુમલામાં ટાર્ગેટ સુરક્ષા દળો જ રહેશે. પોલીસના કારણે તેમની નારજગી પહેલાથી જ હતી. પુલ પર ઢાળ હોવાના કારણે ત્યાં ગાડીને પહેલાથી જ ધીમી કરવી પડે છે. ક્યુઆરપી વાહનને ધીમું કરવામાં આવ્યા બાદ તે જ વેળા માઓવાદીઓ દ્વારા વિસ્ફોટ કરાયો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે જવાનો શરીર ૬૦ ફુટ સુધી મળ્યા હતા. ક્યુઆરટીના જવાનો દ્વારા વધુ કાર્યવાહી હવે શરૂ કરાઈ છે. હુમલાથી પહેલા ગામમાં આશરે ૧૦૦ જેટલા માઓવાદીઓ દેખાયા હતા અને યોજના તૈયાર કરાઈ હતી. અંતે તેમા સફળ પણ રહ્યા હતા.

## કાગળ પર સર્જિકલ સ્ટ્રાઈક કોંગ્રેસ જ કરી શકે : મોદી

**સર્જિકલ સ્ટ્રાઈક ઉપર કોંગ્રેસ હવે મીટુ મીટુ કરે છે : રાજસ્થાનના સીકર-હીંડોનમાં મોદી દ્વારા તીવ્ર પ્રચાર : કોંગ્રેસે સેના-દેશની સુરક્ષા સાથે સતત રમત રમી**

સીકર-હીંડોન, તા.૩

લોકસભાની ચુંટણીના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનમાં પહોંચ્યા હતા. મોટી રેલી સભાને પહોંચતા મોદીએ કોંગ્રેસ પાર્ટી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. રાજસ્થાનના હીંડોન અને સીકરમાં પ્રચંડ જનસભા યોજી હતી. સીકરમાં જનસભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે અહીંના લોકોનો તેઓ આભાર માને છે. કોંગ્રેસ પાર્ટી અહીંના લોકોના આભાર માટે પણ કોર્ટમાં જઈ શકે છે અને આચારસંહિતા ભંગની ફરિયાદ કરી શકે છે. મોદીએ કહ્યું હતું કે સર્જિકલ સ્ટ્રાઈકને લઈને પણ કોંગ્રેસ પાર્ટી દ્વારા મીટુ મીટુ કરી રહી છે. મોદીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે જ્યારે દેશની જનતા સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકના મુદ્દે અમારી સાથે આવી છે ત્યારે કોંગ્રેસ પાર્ટી પણ હવે કહી રહી છે કે તેમના ગાળા દરમિયાન છ વખત એર સ્ટ્રાઈક કરવામાં આવી હતી. સીકરની જનસભામાં મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી દેશની સુરક્ષા કરનાર સેનાનું અપમાન કરતી રહી છે. કોંગ્રેસના એક નેતાએ સેના પ્રમુખને ગલીના ગુંડા તરીકે કહીને અપમાન કર્યું હતું. વાયુ સેનાના અધ્યક્ષના નિવેદનને ખોટા ગણાવ્યા છે. અમારા જવાનો જ્યારે ત્રાસવાદીઓને ઘરમાં ઘુસીને મારે છે ત્યારે આતંકવાદીઓની લાશો

અનુસંધાન પાના - ૭ પર

## વિવિપેટ સ્લીપ અંગેની રિવ્યૂ પિટિશન પર આવતા સપ્તાહે સુપ્રીમમાં સુનાવણી

ન્યુ દિલ્હી,તા.૩

લોકસભા ચૂંટણીમાં ઈવીએમના વોટ સાથે વધુ વિવિપેટ સ્લીપની ગણતરી અંગેની ૨૧ વિપક્ષ નેતાઓની અરજી મામલે સુપ્રીમ કોર્ટે આગામી સપ્તાહે સુનાવણી કરવાની તૈયારી દર્શાવી છે. આઠમી એપ્રિલે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આદેશ આપતા પ્રત્યેક લોકસભા બેઠકના એક બૂથને બદલે પાંચ બૂથ પરથી ઈવીએમની સાથે વિવિપેટની સ્લીપની ગણતરી કરવા કહ્યું હતું.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
અમૂલ ગોલ્ડ
₹26*/500mL
MRP(incl. of all taxes). Conditions apply

કૈલાસ માનસરોવર યાત્રા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VISA APPROVED CANADA હાર્દિક અભિનંદન
મારા CANADA Student Visa અપાવવા બદલ હું BGKV તથા R K Academy નો ખૂબ આભાર માનું છું.
ARPITA PATEL
IELTS STUDENT VISA
બાપુ ગુજરાત નોલેજ વિલેજ, ગાંધીનગર- માણસા રોડ, વાસણ, ગાંધીનગર- 382650
Call: 72 708 72 708
R K ACADEMY OF EXCELLENCE PVT. LTD.
www.rkacademy.net
inquiry@rkacademy.net